# ગાંધી દર્શન, રચનાત્મક કાર્યક્રમ અને ખાદી

પટેલ નિરવકુમાર હિતેશભાઈ
સેન્ટ્રલ યુનિવર્સીટી ઓફ ગુજરાત, ગાંધીવિચાર અને શાંતિ અધ્યયન કેન્દ્ર, સામાજિક વિજ્ઞાન સંસ્થાન સેક્ટર ૩૦ ગાંધીનગર, ગુજરાત પીન કોડ ૩૮૨૦૩૦ સંપર્ક : 9429161073

**(એબ્સ્ટ્રેક્ટ)** :- ગાંધીજીએ આપેલ રચનાત્મક કાર્યક્રમમાં વિશેષ મહત્વની વિચારણા સ્વદેશીની રહી છે. સ્વરાજ્યને સ્વભાવિક રીતે પ્રગટાવતી તથા આત્મનિર્ભર બનાવતી એમની યોજનામાં સ્વદેશીએ સાચા મૂર્તિરૂપમાં પ્રગટ થતો રચનાત્મક કાર્યક્રમ છે. ગાંધીજીની દ્રષ્ટિએ સ્વદેશીએ સનાતન છે, સ્વદેશીએ ભાવ છે, જયારે ખાદી તેના અભિવ્યક્તિનું પ્રથમ ચિહ્ન છે. ખાદીએ સ્વરાજ્યની લડતનું એક અસરકારક સાધન હતું સાથે જ સ્વતંત્ર થયેલ રાષ્ટ્રના નવનિર્માણ માટેનું એક મહત્વપૂર્ણ અંગ રહ્યું હતું. યંત્રયુગના પરિણામે સર્જાતી આર્થિક અસમાનતા, બેકારી અને ગરીબી નિવારવાનો શાંત અને અસરકારક માર્ગ ગાંધીજીના ચિંતનમાં ખાદીવિચારની વિશેષતા રહી છે. ખાદી-વિચારણામાં માત્ર દેશનો રાજકીય કે આર્થિક પ્રશ્ન જ સંકળાયેલો નથી, પણ ગાંધીજીએ ખાદી પ્રવુત્તિ દ્વારા દેશમાં સમાજ સુધારાનું કાર્ય પણ કર્યું છે. ઇંગ્લેંડમાં બનતો માલ હિંદના બજારમાં ગમે તે કિંમતે વેચી હિંદની પ્રજાનું આર્થિક શોષણ બ્રિટીશ સરકાર કરી રહી હતી. તેનાથી દેશને બચાવવા માટે ગાંધીજીએ સ્વદેશી કાપડનો આદર્શ પ્રજા સમક્ષ મુક્યો હતો. તેમણે સ્વદેશી મિલોને નહીં, પણ ખાદીને જ મહત્વ આપ્યું અને સ્પષ્ટ કર્યું કે “ખાદી એ વસ્ત્ર નહિ પણ વિચાર છે”.

**પ્રસ્તાવના :**

જયારે આપણને ખાદી યાદ આવે ત્યારે આપણા મનમાં ગાંધીજીની સાદગી, સત્ય, અહિંસા વગેરે સદ્‌ગુણો યાદ આવે છે. આપણને એમ થાય કે ખાદી એટલે વળી શું ? ખાદી એટલે કપાસના છોડમાંથી પ્રાપ્ત થતું રૂ, રેશમ કે ભારતમાં ચરખા પર હાથ વડે વણેલું કે કાંતેલું કાપડ કે વસ્ત્ર. ખાદી એટલે કે ગામડાના અંતરિયાળ- છેવાડાના માનવી એ પોતાના શરીર પર ઓઢવા માટે બનાવેલું કપડું, ખાદી એટલે કે ગરીબીને દૂર કરતી અને બેરોજગાર લોકોને રોજગાર આપતી સ્વભિમાન જાળવી રાખવાની પ્રવુત્તિ. ખાદી એટલે કે આજના સમયમાં માનવીના શોષણરૂપી હિંસામાં હોમાતા મિલઉદ્યોગના કાપડ વચ્ચે અહિંસાનો માર્ગ બતાવતો સંદેશ. સાદગી, સ્વેદશી અને શ્રદ્ધાનુ પ્રતિક એટલે ખાદી. ખાદી એટલે કે આઝાદીનુ વસ્ત્ર, ખાદી એટલે કે આઝાદીનું શસ્ત્ર. આજના સમયમાં ખાદી એટલે દેશના યુવાનો માટેના ફેસનેબલ કુર્તા, ડેનીમ, પાયજામા, ટોપ વગેરેએ ખાદીનુ વૈવિધ્ય વધાર્યું છે. પરંતુ ખાદીના આરંભથી લઇને અત્યાર સુધી વિકાસની

યશગાથા કેવી રહી અને ખાદી કેવી રીતે વિસ્તરી તેનો ઘટના ક્રમ, ઇતિહાસ રસપ્રદ છે(૧)

**ચાવીરૂપ શબ્દો (કી વર્ડ્સ)**: સર્વોદય, સ્વદેશી, ગ્રામોદ્યોગ, આઝાદીનુ વસ્ત્ર, ગ્રામસ્વરાજ, રચનાત્મકતા.

સિંધુ ખીણની સંસ્કૃતિમાંથી મળી આવેલાં પૌરાણિક ઐતિહાસિક નગરોમાં મોહેં-જો-દડો અને હડપ્પા સભ્યતામાંથી મળી આવેલા અવશેષોના આધારો પરથી કહી શકાય કે પાંચહજાર વર્ષ પહેલા પણ હાથ વણાટ અને કાંતણનો આપણે ત્યાં વ્યાપક રૂપમાં વિકાસ થયો હતો અને તેના પુરાવા આપણને મળે છે. પરંતુ આપણે જાણીએ છીએ કે ઘણા આક્રમણો, યુદ્ધો, સામાજિક કુરિવાજો વગેરે ને કારણે આપણી ભારતીય સંસ્કૃતિક સભ્યતાની જેવી રીતે ચડતી પડતી થઇ તેવી જ રીતે ખાદી ક્ષેત્રે પણ ચડાવ-ઉતાર થયા. તેનું જો કોઈ કારણ હોય તો ઈષ્ટ ઇન્ડિયા કંપનીનુ ભારતમાં આગમન અને અંગ્રજોનુ ભારતમાં આગમન. ખાદી એટલે માત્ર વસ્ત્રનો ટુકડો નહિ પણ રૂમાંથી ઉપજેલા ગ્રામ્ય રૂપી સ્વરાજના તાણા-વણાને પરિપક્વ, તંદુરસ્ત રાખતી ગ્રામ્ય સર્વોદયની ગુંથણી છે. મહાત્મા ગાંધીને આ ખુમારી રૂપી વિચારની ઓળખ દાયકાઓ પેહલા થઇ હતી. આજે પણ ગ્રામીણ ઉદ્યોગો દ્વારા ચાલતી રચનાત્મક પ્રવુત્તિઓ અનેક સમાજ કલ્યાણ સંસ્થાઓના સુભગ સમન્વયથી વિકાસ રૂપી વિચાર જોડાયેલો છે. સુતરના તાંતણે સ્વરાજ, સ્વદેશીનો પાયો ઊભો કરનારા મહાત્માના વિચાર-સબળતાની પીઠીકામાં ગ્રામોઉધ્યોગ અને ખાદીને આભુષણ રૂપી ઘટકો તરીકે સમસ્ત માનવ જગતે જાણ્યા અને સમજ્યા છે. (૨)

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતુ નવ સંઘરવુ, બ્રહ્મચર્યને જાતે મહેનત. કોઈ અડે ના અભડાવુ. અભય, સ્વદેશી સ્વાર્થ ત્યાગને સર્વધર્મ સરખાં ગણવા આ અગિયાર મહાવ્રતો આપણે બાળપણમાં પ્રાથમિક શાળામાં ગાતા હતા. તેમાંથી સત્ય અને અહિંસાનો ઉલ્લેખ આપણા વેદો, પુરાણોમાં અને શાસ્ત્રોમાં વિશેષ રૂપે જોવા મળે છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધે બતાવેલા અહિંસાના માર્ગને ગાંધીજીએ આગળ ધપાવ્યો છે. જે સત્ય અને અહિંસાની વાત ગાંધીજીએ કરી તે પહેલા આ મૂલ્યોને વ્યક્તિગત ધર્મના આચરણના ભાગ રૂપે જોવામાં આવતા હતા. સર્વ પ્રથમ ગાંધીજીએ આ બધા વ્રતોને સામુહિક આચરણનો ધર્મ ગણાવ્યા અને તેની શરૂઆત દક્ષિણ આફ્રિકામાં કરી ત્યાર બાદ ભારતમાં સ્વતંત્ર અંદોલનમાં ગાંધીજી આ વ્રતો સાથે રાખીને વ્યક્તિગત જીવનમાં આચરણમાં મૂકીને આગળ વધ્યા. (૩)

સમાજના દરેક વ્યક્તિને આત્મનિર્ભર બનાવવાની ભાવના તેમાં નિહિત થયેલી હતી. ગાંધીજી કહે છે- "સતત ચળવળ અવિશ્રાંત ઉદ્યોગપરાયણતા અને દક્ષતાભરી વ્યવસ્થાશક્તિ એ બેશક સ્વરાજ્યની શરતો છે. સંકલ્પબળ આખા જગતનું લાવીશું, છતાં આ શરતો નહિ હોય તો આપણે હારવાના છીએ." (૪) ગાંધીજી અનુસાર

સ્વદેશી એ શાશ્વત મૂલ્ય બરાબર છે અને તેમને સ્વદેશીને પોતાનો ધર્મ માન્યો છે. ગાંધીજી કહે છે કે "તીવ્રરૂપે એક દિવસ આપણે સ્વદેશી વ્રત પાળીએ તો આજે સ્વરાજ હાથમાં છે" (૫) ખાદી એ સામાજિક સ્વદેશી ભાવનાનું પ્રથમ પગથિયું છે. સ્વદેશી ધર્મની કોઈ પરિસીમા નથી હોતી. ખાદી સિવાય અન્ય વસ્ત્રો જે પહેરે છે તે સ્વદેશી ધર્મનુ પાલન કરતા નથી. ઈ. સ. ૧૯૨૦માં જયારે અસહકારની લડતમાં વિદેશી માલના બહિષ્કારનુ અંદોલન જયારે શરુ કરાયું ત્યારે દેશની જનતાના ભવિષ્યની વિચારણામાંથી સ્વદેશી ભાવનાનો ઉદય થયો છે. તેનું તત્કાલીન પરિસ્થિતિમાં તેનું સ્થૂળ તેમજ સૂક્ષ્મ બન્ને દ્રષ્ટિએ મહત્વ રહેલું છે. પ્રથમ સ્વદેશીના પાલન વિના વિદેશી માલનો બહિષ્કાર કરવો અશક્ય છે. એટલા માટે સ્વેદશી અને ગ્રામોદ્યોગને વિશેષ મહત્વ આપાયું છે બીજું અસહકારના અંદોલનથી લોકોમાં આવેલી જાગૃતિને રચનાત્મક કાર્ય તરફ વાળી જીવનના, સત્યના વિધાયક રૂપનું દર્શન કરાવવા માટે ગાંધીજી પ્રજા સમક્ષ રચનાત્મક કાર્યક્રમ મુકે છે. (૬)

જીવનના દરેક ક્ષેત્રમાં આપણે સ્વદેશીના સિદ્ધાંતોને લાગુ કરી શકીએ છીએ. સ્વદેશીનો સિદ્ધાંત આર્થિક ક્ષેત્રમાં જોઈયે તો એવો અર્થ થાય કે માણસે પોતાની નજીકના કારીગર દ્વારા બનાવેલી ચીજવસ્તુનો ઉપયોગ કરવો જોઈયે. જેથી કરીને સ્થાનિક લોકોને રોજગારી મળી રહે અને સ્વદેશી સર્વોદયના આદર્શનો, સર્વના ઉત્કર્ષનો પાયો નખાય. એવી જ રીતે સ્વદેશી સિદ્ધાંત પરદેશી કાપડ, વિદેશમાં બનેલી વસ્તુઓનો ઉપયોગ નહિ કરવામાં છે. સ્વદેશીથી જુદા જુદા ગૃહઉદ્યોગોમાં રોકાયેલા કારીગરોને સ્વરોજગારનાં સાધનો પ્રાપ્ત થાય છે. વ્યાપક અર્થમાં જોવા જઈયે તો સ્વદેશીની વ્યાખ્યા એ છે કે હિન્દુસ્તાનનાં ગૃહઉદ્યોગોનો જો નાશ થાય તો ભારત દેશ દરિદ્ર બને એવાં ગૃહઉદ્યોગોનાં રક્ષણ કરવા માટે જરૂરી છે કે બને એટલી અંશે સ્વદેશમાં બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવા માટે આગ્રહ રાખવો. ગાંધીજીના અભિપ્રાય પ્રમાણે કોઈ પણ વસ્તુ ગમે તેટલી લાભદાયક હોય છતાં તેનો ઉપયોગ કરવાથી જો કોઈ નિર્ધન બનતું હોય તો તે વસ્તુ સ્વદેશી હોવા છતાં પરદેશી છે. (૭) ગાંધીજીને મન પાકી ખાતરી હતી કે હાથકાંતણ અને હાથવણાટના પુનઃસર્જનથી ભારતના આર્થિક અને નૈતિક ઉત્થાનમાં વધુ માં વધુ લાભ થશે. ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે, ખેડૂતો પાસે ખેતી સિવાય પુરક ધંધા તરીકે સાદો હાથ ઉદ્યોગ હોવો જોઈએ. કાંતણ વર્ષો પેહલા આપણા દેશમાં ગૃહઉદ્યોગ હતો અને હજારો લોકોને ભુખમરાથી બચવા માટે ચરખો દાખલ થવો જોઈએ. તેવી સ્થિતિ ફરી નિર્માણ થવી જોઈએ એમ ગાંધીજી માનતા હતા. ગાંધીજીએ સત્યાગ્રહની સાથે સાથે રચનાત્મક કાર્યક્રમ સ્વદેશી ભાવનાને આગળ ધપાવવા માટેની મહત્વની વિચારણા રજૂ કરેલી હતી. (૮)

આજે આપણે જોઈએ છીએ કે મોટા મોટા યંત્રોથી ગરીબી દુર થવાને બદલે ગરીબી વધી છે. એટલે ગાંધીજીનુ માનવું હતું કે મોટા યંત્રોથી દેશની ગરીબી અને આળસ દુર

થવાને બદલે યંત્રોએ ગરીબી અને બેકારીની સમસ્યાઓ વધારી છે. એટલા માટે ગાંધીજીએ ચરખાની હિમાયત કરી છે. આંદોલન, સત્યાગ્રહ, અસહકાર, સવિનય કાનુન ભંગ, દાંડી કૂચ વગેરે સાધનો તેમને આપ્યા અને ભારતને ગુલામીમાંથી મુક્તિ કાજે કુશળતાથી અપનાવી બતાવ્યો. એ જ માર્ગે માર્ટિન લ્યૂથર, નેલસન મંડેલા તથા દુનિયાના અન્ય ઘણા પરતંત્ર દેશોએ પ્રેરણા લઈને ભારતના પગલે સ્વતંત્રતા મેળવી.

જેવી રીતે સ્વતંત્રતા ચળવળનો અલગ ઇતિહાસ છે તેવી જ રીતે ખાદીનો પણ એક અલગ ઈતિહાસ છે. કાર્લ માર્ક્સ દ્વારા લખાયેલ ‘દાસ કેપિટલ’ માં પણ ભારત દેશના કાંતણ અને હાથ વણાટનો ઉલ્લેખ જોવા મળે છે. (૯) ચરખો તેમજ સાળ હજારો કાંતનારા તથા વણકરોને રોજી આપતો હતો, ભારતીય સમાજની આજીવિકાનો મુખ્ય આધાર હતો. અંગ્રેજોના ભારત આગમન બાદ તથા યંત્રયુગના પરિણામે બ્રિટીશ સરકારને હિન્દુસ્થાનમાં રાજકીય સત્તા કરતા પણ વધારે આકર્ષણ હતું તે ભારતના વિશાળ બજારનું તેમાં પણ ખાસ કરીને કાચા માલનું. આ બન્ને વસ્તુઓ ભારતમાંથી પૂરી પાડવામાં આવતી. અંગ્રેજોના ભારત આગમન બાદ ખાદી ઉદ્યોગનો નાશ થવા લાગ્યો. ગાંધીજી ચરખો અને ખાદીનો જન્મ થયો તે પહેલા પણ ખાદી વિષે વિચારતા હશે તેવું ઈ.સ ૧૯૧૩માં તા. 5 જુલાઈ ના રોજ પ્રસિદ્ધ થયેલ ઇન્ડીયન ઓપીનીયનના (સામયિક) તેમણે લખેલ એક લેખમાં “પાણી હંમેશા ઉકાળેલું અને જાડી સાફ સફેદ ખાદી વડે જ ગાળીને પીવું જોઈએ” જેવા વાક્યો પરથી આપણને સમજ આવી શકે છે. (૧૦)

ઈ. સ પૂર્વ 600ના પ્રારંભે હિન્દુસ્થાનનું કાપડ શ્રેષ્ઠ શ્રેણીનુ વણાટ, વિવિધ પ્રકારની કલાત્મક કારીગીરી, ઝીણું પોત, મુલાયમતા વગેરેના કારણે દેશ-વિદેશમાં પ્રચલિત હતું. ઈસ્ટ ઇન્ડિયા કંપનીની શરૂઆત પૂર્વના દેશો સાથે વ્યાપાર કરવા માટે ઈંગ્લેન્ડમાં પાયો નખાયો હતો. જર્મન, ગ્રીક, ડચ અને ઈંગ્લેન્ડની પ્રજા પણ રૂમાંથી કાપડ બનાવતી હતી. પરંતુ ભારતમાં તૈયાર કરવામાં આવેલ વસ્ત્રોની વિશેષ માંગ હતી. ખાદી એ વસ્ત્ર તરીકે કે રોજગારના સાધન તરીકે જ માત્ર નહિ પણ સ્વરાજ મેળવવાના સાધન તરીકે પણ આવશ્યક અંગ તરીકે ગણી છે. સ્વતંત્રતા મેળવી લીધા બાદ વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા અને તેના દ્વારા એક અહિંસક સમાજનિર્માણમાં ચરખાને કેન્દ્ર સ્થાને મુક્યો છે. (૧૧)

આ આપણે ખાદી અને ચરખાની પ્રારંભિક ભૂમિકા જોઈ હવે આપણે તેનો વિકાસ જોઈશું. ઈ.સ. ૧૯૦૮માં દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવતા સ્ટીમરમાં ગાંધીજી ‘હિન્દ સ્વરાજ’ નામના પુસ્તકમાં ખાદી અને ચરખા દ્વારા ભારતની કંગાલિયત દુર થઇ શકે છે એવી વાતનો ઉલ્લેખ કરે છે.(૧૨) તે દરમ્યાન ગાંધીજીએ ચરખાના દર્શન પણ કર્યા નહોતા. અમદાવાદમાં આશ્રમ સ્થપાય છે ત્યાંરે સાળ વસાવીને વણાટકાર્યનો પ્રારંભ કર્યો, ૧૯૧૭માં ભરૂચ કેળવણી પરિષદમાં વિધવા ગંગા બહેનને ગાંધીજીએ ચરખો શોધવા માટે રજૂઆત કરી. ગંગા બહેન અથાગ પ્રયત્ન દ્વારા વિજાપુરથી ચરખો શોધી

લઇ આવી સાબરમતી આશ્રમ પોહાચ્યા. આ વાતનો ઉલ્લેખ ગાંધીજી પોતાની આત્મકથા ‘સત્યના પ્રયોગ’ માં ‘મળ્યો’ નામના શીર્ષક હેઠળ કરે છે. ખાદીનો જન્મ, ચરખાની શોધ, સ્વદેશીનો પ્રારંભ વગરેની એક નવી શરૂઆત થાય છે. (૧૩)

ગાંધીજી માટે ખાદીની પુનઃ શોધ કરવી એ ઉદેશ્ય નહતો ખાદી દ્વારા તેઓ એક નવી સમાજ રચનાના અસરકારક સાધન તરીકેની કલ્પના તેમણે સેવી હતી તથા ચરખા અને ખાદીને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું એક અસરકારક સાધન તેમણે માન્યું હતું. ઘણા ગાંધીવાદીઓનું માનવું છે કે ખાદી એ માત્ર વસ્ત્ર નથી પરંતુ તેની પાછળ એક વિશાળ વૈચારિક ક્રાંતિની ભૂમિકા રહેલી છે. રચનાત્મક કાર્યક્રમમાં ગાંધીજીએ ખાદીને દરિદ્રનારાયણના પર્યાયરૂપે સ્થાપિત કરી અને તેની આસપાસ અસ્પૃશ્યતા નિવારણ, રાષ્ટ્રભાષા, સ્ત્રી-ઉન્નતી, ગૌસેવા, સફાઈ, સ્વદેશીવ્રત, ગ્રામસ્વરાજ, શોષણમુક્તિ વગેરે કાર્યક્રમોને ખાદીના સહાયક ભાગરૂપે સાંકળીને ગાંધીજીએ સામાજિક પરિવર્તન સર્જવાની મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. (૧૪) ખાદીકાર્ય વિકેન્દ્રિત સમાજ રચનાનો મૂળ પાયો છે. તેમાં મજુર અને માલિક વચ્ચે કોઈ સંબંધ હોતો નથી. સ્વદેશી સાથે ખાદીનો વિચાર ગ્રામોત્થાન સાથે સંકળાયેલો છે. રોજગારીની દ્રષ્ટિએ ખાદી ક્ષેત્ર વ્યાપક નથી તેમ છતાં પણ સ્વાવલંબી પ્રકાર ધરાવતું ક્ષેત્ર છે. જવાહરલાલ નેહરુ વિકાસની ધૂનમાં હતા તેમ છતાં તેમને સંસદમાંમાં કહ્યું હતું કે, ગમે તેટલો વિકાસ થાય, પરંતુ ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રની આવનારા વર્ષો માં જરૂર પડ્યા વિના નહીં રહે અને ખાદીને તેમને રાષ્ટ્રીય પોષાક કહીને ખાદી અને ચરખાની અનિવાર્યતા તેમણે સ્વીકારી હતી.(૧૫)

એક તરફ સમગ્ર દેશમાં સ્વતન્ત્રતા આંદોલન ચરમસીમાએ ચાલી રહ્યું હતું ત્યારે દેશમાં હાથવણાટ અને હાથ કાંતણનું કામ મોટા પ્રમાણમાં ચાલતું હતું. પરંતુ અંગ્રેજોના શાસન દરમિયાન કાળક્રમે ભારતનાં લઘુઉદ્યોગો ધીરે ધીરે નાશ પામ્યા. ભારત દેશ દુનિયાભરમાં સુતરાઉ કાપડના માટે પ્રસિદ્ધ હતો તે હવે વિદેશમાંથી કાપડની આયાત કરતો થઇ ગયો. એટલા માટે ગાંધીજીએ હિન્દુસ્તાનની કંગાલિયતને દુર કરવા માટે ચરખા વિના સ્વરાજ નથી એ વિચાર મૂક્યો. ગાંધીજી પોતે વણકર બન્યા અને અમરેલીના રામજી ભાઈ બઢિયા પાસે વણાટ કામનું હસ્તકૌશલ્ય મેળવી અને ભારત દેશની સ્વતન્ત્રતા સંદર્ભે જ્યાં જ્યાં સભાઓ કરી ત્યાં તેમને ખાદીનો પ્રચાર-પ્રસાર કર્યો તથા દેશમાં આઝાદી મેળવવાના સાધન તરીકે ખાદીની વપરાશ વધવા લાગી અને ત્યારબાદ રેંટિયાને રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપવામાં આવ્યું. ઈ. સ. ૧૯૨૩માં ગાંધીજી એ પોતાનો જન્મદિવસ ભાદરવા વદ બારસને ‘રેંટિયાબારસ’ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. સમગ્ર દેશમાં વધુને વધુ સૂતર કાંતિને રેંટિયાબારસ ઉજવવામાં આવી. સમયાંતરે ચરખાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે જરૂરી આવશ્યક ફેરફારો કરવામાં આવ્યા અને નવા સંશોધન માટે રૂ. ૫૦૦૦૦ હજાર સુધીના ઇનામો જાહેર કરવામાં આવ્યા. ત્યાર બાદ અખિલ ભારતીય ખાદી મંડળની સ્થાપના કરવામાં આવી જેથી

કરીને ખાદીનાં ઉત્પાદન, વેચાણને વધુ ગતિ મળી. એ સમય દરમિયાન ગાંધી ટોપી અસ્તિત્વમાં આવી. લોકો ખાદીની ગાંધી ટોપી પહેરતા ગયા અને સ્વદેશી ભાવનાનું ગૌરવ વધતું ગયું. ઈ. સ. ૧૯૩૦ માં દાંડીકૂચ પછી જયારે ગાંધીજીની ધરપકડ કરીને જયારે યરવડા જેલમાં મોકલવામાં આવ્યા ત્યારે તેમને કાંતણ માટે જે ચક્ર બનાવ્યું તે ચક્ર 'યરવડા ચક્ર' તરીકે પ્રસિદ્ધ બન્યું. બીજા વિશ્વયુદ્ધ પછી મોંઘવારી વધતા ખાદી ભાવ વધ્યો પણ સાથે સાથે ખાદી કાપડનો ઉપયોગ કરનારાઓમાં વધારો થયો. સ્વરાજ પ્રાપ્ત થયા પછી ખાદીની પ્રવુત્તિ સ્થિર પાયા પર ચાલવા લાગી. સ્વરાજ પ્રાપ્ત થયા પછી બેરોજગારી નિવારણની દ્રષ્ટીએ ખાદી અને ગ્રામોદ્યોગનો વિકાસ અવિરત ચાલતો રહ્યો. (૧૭)

**નિષ્કર્ષ**

આમ ઉપરોક્ત લેખ પરથી આપણે કહી શકીએ છીએ કે, સર્વનું કલ્યાણ થાય એ હેતુથી અને પરોપકારમય જીવન જીવતા મહાત્મા ગાંધીજીએ ખાદીને સર્વને માટે સ્વાશ્રયી બનાવવા માટે સ્વીકારી. ગામડામાં સામાન્ય જીવન જીવતા સામાન્ય માનવીને, કામનાં અભાવે શોષિત ન થવું પડે એ હેતુથી ઉત્પાદન કરીને આત્મનિર્ભર બનવાનું કાર્ય એટલે ખાદી. આઝાદીના સમયે ખાદીનો વિચાર, સમગ્ર ભારત દેશમાં રહેતા ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાંથી ઉદ્ભવ્યો હોય એમ જણાય છે. અહિંસક સમાજ નિર્માણ અને શોષણ મુક્તિનાં પ્રાદુર્ભાવ કરવા માટે સ્વાશ્રય અને સ્વદેશીનો સ્વીકાર કરવો જોઈએ. સમાજનો પ્રત્યેક વ્યક્તિ, કે રાષ્ટ્ર પરાવલંબી ન રહે એ માટે ગાંધીજીના સ્પષ્ટ વિચાર રહ્યો છે. ખાદી વિચાર એક એવા પ્રકારનો વિચાર છે કે જેનું વાસ્તવિક સ્વરૂપ આજના વર્તમાન યુગની સમગ્ર આર્થિક સમસ્યાઓનો જવાબ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્રને પરિવર્તન કરવા માટે તથા સક્ષમ, સમૃદ્ધ બનાવવા માટે પાયો પુરવાર થઇ શકે છે. ગાંધીતત્વને સમજનાર લોકોએ તેના વ્યાપક પ્રચાર પ્રસાર કરવાની જરૂર છે. મહાત્મા ગાંધીજીનાં અર્થકરણનાં મુખ્ય કેન્દ્રમાં અંતિમ જન રહેલો છે. તેમના મત અનુસાર દરેક પ્રવુત્તિ સર્વજન હિતાય હોવી ઘટે. સમાજની દરેક વ્યક્તિ આત્મનિર્ભર બને એ વાતમાં તેઓ વિશ્વાસ ધરાવતા હતા અને તેને કારણે જ રચનાત્મક કાર્યક્રમ પ્રાપ્ત થયો, જેમાંનો એક મહત્વપૂર્ણ વિચાર ખાદી છે.

**સંદર્ભ**

(૩) Gandhi, M. (2018). *Gita according to Gandhi*. GENERAL PRESS. pp 18.

(૪) Desai, M. H. (1953). *The diary of mahadev desai* (Vol. ૩). Navajivan Publishing House. pp 61.

(૫) ગાંધી મોહન,( ૧૯૪૨). ગાંધીજીનું નવજીવન ભાગ ૨ (પૃ.૬૩૮) અમદાવાદ.

(૬) દક્ષા વિ. પટ્ટણી,(૨૦૦૧). ગાંધીજીના ચીંતનમાં સત્યાગ્રહ: ઇમ્પ્રેશન્સ પ્રકાશન, ભાવનગર

(૭) (એજન, પૃ.-૧૭૬).

(૮) ગાંધી મોહન,(૨૦૧૦). રચનાત્મક કાર્યક્રમતેનું સ્થાન અને રહસ્ય: નવજીવન પ્રકાસન મંદિર. અમદાવાદ. (પૃ.-૧૭)

(૯) Marx, K. (2010). A contribution to the critique of political economy. In Marx Today Palgrave Macmillan, New York. Volume 1(pp. 91-94).

(૧૦) ગાંધી મોહન, (૧૯૧૩). ઇન્ડીયન ઓપીનીયન. ૫ જુલાઈ.

(૧૧) (એજન, પૃ.-૩૭).

(૧૨) ગાંધી, એમ. કે. (૧૯૩૯). હિન્દ સ્વરાજ, અમદાવાદ: નવજીવન પબ્લિશિંગ હાઉસ.

(૧૩) ગાંધી મોહન, (૧૯૨૭). સત્યના પ્રયોગો અથવા આત્મકથા: નવજીવન પ્રકાશન મંદિર. અમદાવાદ.

(૧૪) अखिलेश प्रसाद,(2003). गांधी दर्शन की रूपरेखा, नई दिल्ली: नर्डन बुक सेंटर।

(૧૫) ગાંધીજી, (ભારતન કુમારપ્પા સંપાદિત) (૧૯૬૨). ખાદી શા માટે?, નવજીવન પ્રકાશન અમદાવાદ.

(૧૬) કેતન રૂપેર, (૨૦૧૫). નવજીવનનો અક્ષરદેહ ખાદીયાત્રા: *વિપ્લવથી વર્તમાન સુધી* (૯) ૨૯. અમદાવાદ.